# ઘ-૬ કોર્નરે અડ્ડો જમાવીને બેસી રહેતા લુખ્ખા તત્વો પર પોલીસનો સપાટો

## એલ.સી.બી.ને સાથે રાખી મહિલા પોલીસે કોલેજ સંકુલ બહાર ઠઠ્ઠા મશ્કરી કરતા તત્વોને દોડાવ્યા : લારી-ગલ્લા સહિત બાકડા પણ ઉઠાવી લેવડાવી બેઠક બંધ કરી દેવા ચીમકી આપી

ગાંધીનગર, તા.૧૮

પાટનગરના ઘ-૬ સર્કલ પાસે શાલા-કોલેજની બહાર અડીંગો જમાવીનો બેસી રહેતા અને વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ સાથે મશ્કરીઓ કરતાં અસામાજીક તતવોને મહિલા પોલીસે એલ.સી.બી. ટીમને સાથે રાખીને દોડાવ્યા હતા અને તે વિસ્તારના લારી ગલ્લા ઉપરાંત બાકડાં પણ હટાવી લેવડાવી સપાટો બોલાવી દીધો હતો અને હવેથી ઠઠ્ઠા મશ્કરીઓ કરવા આ વિસ્તારમાં અડીંગો જમાવીને ન બેસવાની ચિમકી આપી હતી.

ગાંધીનગર શહેરની શાળા-કોલેજો બહાર અડીંગો જમાવીને બેસી રહેતા લુખ્ખા તત્વોનો ત્રાસ હોવાની સંખ્યાબંધ ફરિયાદો ઉઠતી હોય છે. વિદ્યાર્થીની કે કોલેજીયન યુવતીઓની સામે હિરો બનતા આ અસામાજીક તત્વો ત્યાંથી પસાર થતા વિદ્યાર્થીઓને મનફાવે તેમ બોલી ઉતારી પાડી મશ્કરીઓ કરતાં નજરે ચઢે છે. તો બીજી તરફ અવર-જવર કરતી યુવતીઓને જોઈને સીન-સપાટા કરવા સંકુલ બહાર બાઈકના સ્ટંટ કરવા લાગે છે ત્યાંથી ચાલતી પસાર થતી કેટલીય યુવતીઓને જોઈને તેમના પર બેફામ કોમેન્ટ પસાર કરી સીટીઓ મારતા હોવાની ફરિયાદો ઉઠી છે ત્યારે આ લુખ્ખા તત્વોના વધી ગયેલા ત્રાસને કાયમ માટે ડામી દેવા તેમના મુળ અડ્ડા એવા ઘ-૬ કોર્નરને ટાર્ગેટ બનાવી ગાંધીનગર એલ.સી.બી.ની ટીમને સાથે રાખી મહિલા પોલીસે સપાટો બોલાવી દીધો હતો અને અસામાજીક તત્વોને ઉભી પુંછડીએ દોડાવ્યા હતાં. ઘ-૬ પાસેના લારી-ગલ્લા અને બાકડાઓ પાસે આ નબીરાઓ બેઠક બનાવીને દરરોજ બેસતા હોવાથી લારી-ગલ્લાઓ સહિત બાકડા પણ પોલીસે ઉઠાવડાવી લીધા છે અને આ તત્વોને હવેથી આ સ્થળે ફરકવાની પણ હિંમત ન કરવાની ચિમકી આપી દેવામાં આવી છે.

# વાવોલનું તળાવ ચોમાસા પૂર્વે તૈયાર કરી દેવાશે

તળાવમાં પીચીંગનું કામ શરૂ : બાજુનું નાનુ તળાવ પણ વિકસાવાશે



ગાંધીનગર, તા. ૧૮

વાવોલ તળાવ વિકસાવવાના કામ અન્વયે તળાવ ઉંડુ કરાયા બાદ પીચીંગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે વસ્ત્રાપુર લેકની પેટર્ન મુજબ તળાવને પીકનીક સ્પોટ બનાવવા ગુડા દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત મુખ્ય તળાવને જોડતા અન્ય બીજા નાના તળાવને પણ વિકસાવવાનો નિર્ણય લેવાયો છે.

વાવોલ તળાવ વિકાસની યોજના અન્વયે શહેરી વિકાસ સત્તા મંડળના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ મુખ્ય તળાવની દિવાલ પર પથ્થરનું પીચીંગ કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. અહી વોક-વે પણ બનાવવામાં આવશે. વાવોલ ગામના પાદરમાં જ આવેલુ જુનું તળાવ ગંદકી ઠલવાતી રહેવાના કારણે તથા વર્ષો સુધી સફાઈ સહિત કોઈ પ્રકારની જાળવણી નહીં થવાના કારણે રોગચાળાનું ઉત્પત્તિસ્થાન બની રહ્યું છે. આખરે ગુડા તરફથી હાથ પર લેવાયેલી તળાવોના વિકાસની યોજનામાં ખુબ વિકસી ચુકેલા વાવોલ વિસ્તારના આ તળાવનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મુખ્ય તળાવમાંથી કાદવ ઉલેચીને બહાર કાઢવામાં આવ્યાં પછી તેને ઉંડુ કરવામાં આવ્યું છે. ઉપરાંત તળાવની દિવાલો પર પથ્થર જડી દેવાયા પછી હવે વોક-વે બનાવવાનું કામ હાથ ધરવાની સાથોસાથ બગીચો વિકસાવવાનું શરૂ કરવામાં આવશે. નવા વિકસી રહેલા વિસ્તારના વસાહતીઓને ફરવા આવવા માટે તમામ સુવિધા સાથેનું સ્થળ મળી રહે તે પ્રકારે આગળનું કામ કરવામાં આવશે. આગામી ચોમાસામાં તળાવમાં વરસાદી પાણી ભરાશે. પરંતુ સમગ્ર કામગીરી પુરી થવામાં એકાદ વર્ષ જેટલો સમય લાગી જશે.

## મકાનનો સ્લેબ તૂટી પડતાં એકનું મોત : ૭ને ઈજા

અમદાવાદ, તા. ૧૮

રાણીપ ટી જંકશન પાસે બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે આજે એક સરકારી મકાનનો ધાબાનો સ્લેબ ધડાકા સાથે તૂટી પડતાં પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ગામના આશરે ૩૫-૪૦ વર્ષના તખ્તસિંહ ચાવડાનું કરૂણ મોત નિપજવા પામ્યું હતું. જ્યારે અન્ય ૭ વ્યક્તિઓને ઈજા થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ બનાવની વિગત એવી છે કે રાણીપ ક્રોસ રોડ ટી જંકશન પાસે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનું એક બીલ્ડીંગ બની રહ્યું છે તેના ધાબાનો સ્લેબ આજે ધડાકા સાથે તૂટી પડતાં તખ્તસિંહ નામનો કારીગર નીચે દબાઈ જતાં તેનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય સાત કામદારોને ઈજા પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## મોરારિબાપુના વરદ્ હસ્તે પૂજ્ય ધ્યાનસ્વામીબાપા એવોર્ડ એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૧૮

સૌરાષ્ટ્ર-ગુજરાતની દેહાણ જગ્યાને તેના સેવા-ધર્મને લક્ષ્યમાં લઈ પૂજ્ય ધ્યાન સ્વામી બાપા એવોર્ડ-૩ તા. ૨૫મી ફેબ્રુઆરી-૨૦૧૩ને સોમવારે સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન મોરારિબાપુના વરદ્હસ્તે અર્પણ થશે.

'જયાં ટુકડો, ત્યાં હરિ ઢૂકડો'ના સૂત્રને સૌરાષ્ટ્ર-ગુજરાતની દેહાણ જગ્યાઓએ ચરિતાર્થ કર્યો છે. વિખરાતા સમાજને રોટલાથી જોડ્યો છે. અભાવગ્રસ્તોના હામી થઈને આંસુ લૂછ્યાં છે. આવી જગ્યાઓને આ એવોર્ડ અર્પણ કરીને તેમની વંદના કરવાનો ઉપક્રમ મોરારિબાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં વિનમ્રભાવે રચાયો છે. વર્ષ-૨૦૧૩નો 'પૂજ્ય ધ્યાનસ્વામી બાપા એવોર્ડ-૩' સંતશ્રી દેવતણબીજી તથા લીરલબાઈની જગ્યા, મજેવડી તા. જિ. જૂનાગઢને અર્પણ થશે.

એવોર્ડ અર્પણ વિધિમાં જગ્યા ટ્રસ્ટના પ્રતિનિધિને તિલક, સૂત્રમાલા, શાલ, સ્મૃતિ ચિહ્ન એવોર્ડ અને એવોર્ડ રાશિ અંકે રૂ. ૧,૨૫,૦૦૦ દેહાણ જગ્યાના મહંતો, વિદ્વાનો અને ભક્તજનોની ઉપસ્થિતિમાં સેંજળ ખાતે સમારંભ દરમિયાન મોરારિબાપુના વરદ્હસ્તે અર્પણ થશે.

## જલારામ મંદિરમાં ચાલતા સદાવ્રતનો વાઈબ્રન્ટ ગુજરાતના સફાઈ કામદારોએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯માં આવેલા જલારામ મંદિરમાં જલારામ સેવા સમાજ દ્વારા વર્ષોથી સદાવ્રત ચાલે છે. જેના અનુસંધાને તાજેતરમાં ગાંધીનગરમાં યોજાઈ ગયેલા વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમના સફાઈ કામદારોને પૂ.જલારામ બાપાના સદાવ્રતના પ્રસાદનો લ્હાવો આપવામાં આવ્યો હતો.

જલારામ મંદિરમાં ૨૫ વર્ષથી સદાવ્રત ચાલે છે. સદાવ્રતનો વર્ષોથી ઘણા જરૂરીયાતમંદ લાભ લે છે. વાઈબ્રન્ટ ગુજરાતના અનુસંધાને તા. ૩૧મી ડિસેમ્બર, તા. ૧૨મી જાન્યુઆરી, ૧૭મી અને ૧૮મી જાન્યુઆરી દરમિયાન અંદાજે ૧૨૦ થી ૧૭૦ જેટલા સફાઈ કામદારોએ દરરોજ ખીચડી, કડી, બુંદી, ગાંઠીયા, સીરો, મોહનથાળ, જલેબી,રોટલી, દાળભાત, શાક, બટેટા-રીંગણ, કોબીજ, પૂરી જેવી અનેકવિધ વાનગીઓનું ભોજન ગ્રહણ કર્યું હતું. સમગ્ર આયોજનમાં જલારામ સેવા સમાજના પ્રમુખ અમૃતભાઈ ઠક્કર, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, મંત્રી જિતેન્દ્રકુમાર સેજાણી અને સમસ્ત કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## આજે પેથાપુર કસ્બામાં ખ્વાજાની છઠ્ઠી

ગાંધીનગર, તા. ૧૮

પેથાપુરના સામાજિક કાર્યકર અને મુસ્લીમ અગ્રણી બાબુભાઈ મનસુરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પેથાપુર કસ્બામાં આજે તા. ૧૯મી જાન્યુઆરી-૨૦૧૩ શનિવારે હિન્દવલી ખ્વાજા ગરીબ નવાઝની છઠ્ઠી શાનો સોકતથી મનાવવામાં આવશે. આ પ્રસંગે આમ ન્યાઝમાં ખીચડાની ન્યાઝ પિરસવામાં આવશે. આ છઠ્ઠીના પ્રોગ્રામને સફળ બનાવવા યંગ કમિટિ ભારે જહેમત ઉઠાવી રહી છે.

## વીરદાદા જશરાજ શહીદ દિન ગાંધીનગરમાં મનાવાશે

ગાંધીનગર, તા. ૧૮

અખિલ ગુજરાત લોહા રાણા, (લોહાણા) એકતા સમિતિ ગુજરાત દ્વારા વીરદાદા જશરાજ શહીદદિન તા. ૨૨મી થી ૨૬મી જાન્યુઆરી સુધી મનાવાશે. જેમાં વકૃતત્વ નિબંધ, રમતગમત સ્પર્ધા યોજાશે. રક્તદાન કેમ્પ પણ કરાશે. વીરદાદા જશરાજના શોર્યભર્યા ઈતિહાસ પર વકતવ્ય આપવામાં આવશે.

## બ્રહ્મભવનમાં રક્તદાન તથા ડાયાબિટીસ કેમ્પ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

જાયન્ટ્સ ગ્રુપ ઑફ ગાંધીનગર ગ્રેટર અને યુવા બ્રહ્મસમાજ ગાંધીનગરના ઉપક્રમે સેવાકીય પ્રવૃત્તિ અન્વયે તા. ૨૦મી જાન્યુઆરીએ સવારે રક્તદાન, ચક્ષુદાન, ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનું આયોજવ બ્રહ્મ ભવન, સેકટર-૧૬ ખાતે યોજાનાર છે. જેમાં જુસીકા અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગરનાં તબીબો સેવા આપશે. કેમ્પમાં લાભ લેવા આયોજકો ચિરાગ જોશી અને કેતન વ્યાસે અનુરોધ કરેલ છે.

## વડનગરા નાગર મંડળ વનભોજન તથા સ્પર્ધાઓ ૨૬મી જાન્યુઆરી યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા તા.૨૬મી જાન્યુઆરીના રોજ વનભોજનનું આયોજન કરેલ છે. સાથે નિબંધ સ્પર્ધા અને વકૃતત્વ સ્પર્ધા યોજાશે.

નિબંધ સ્પર્ધા અને વકૃતત્વ સ્પર્ધા બે ગ્રુપમાં યોજાશે, નિબંધ સ્પર્ધામાં - મને ગમતો તહેવાર, લોકશાહીની સમસ્યાઓ, મારી પ્રિય રમત અને શું મોબાઈલ ફોન એક અભિશાપ છે? ઉપરોક્તમાં ભાગ લેવા માટે નિખિલેશ દેસાઈ મો. ૯૮૯૮૨૯૪૪૦૦ છે. વધુ માહિતી માટે પ્રમુખ શ્રી સુધીરભાઈ દેસાઈનો સંપર્ક કરવા જણાવેલ છે.

## ૧૫ વર્ષથી પત્નિને ત્રાસ આપી મારી નાંખવાની ધમકી આપનાર પતિ વિરૂધ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરનાં સેકટર-૨૯માં રહેતા જીતેન્દ્રસિંહ કાનાજી ડાભીના લગ્ન શર્મીષ્ઠાબેન પાસે ૧૫ વર્ષ પહેલા થયા હતાં. લગ્ન થયા પછી છેલ્લા ૧૫ વર્ષથી શારીરિક-માનસિક ત્રાસ આપીને ગાળો બોલી પતિ જીતેન્દ્ર ડાભી તેની પત્નિ શર્મિષ્ઠા સાથે મારઝુડ કરીને હેરાન કરતો હોવાની ફરિયાદ પત્નિએ સે-૨૧ પોલીસ મથકે નોંધાવી છે. તેણીને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપતો હોવાની બાબતનો પોલિસ ફરિયાદમાં ઉલ્લેખ છે. સે-૨૧ પોલિસે પત્નિની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. સી.બી. ચૌહાણે તપાસનો દોર શરુ કર્યો છે.

# બોરીજ ગામમાં પશુ ચોરતી ટોળકીનો ત્રણ દિવસથી આતંક

## પીકઅપ ડાલુ અને સ્કોર્પીયો લઈને આવતી ટોળકી ગ્રામજનોના જાગી જવાથી ત્રણેય દિવસ ઢોરો ચોરવામાં નિષ્ફળ : પોલીસ પોઈન્ટ મુકવા રજુઆત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીકના બોરીજ ગામમાં અને સે. ૨૦ પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી ઢોર ચોરી કરતી ટોળકીએ હાહાકાર મચાવી મુક્યો છે. ત્રણ દિવસથી ઘર આંગણે વાડામાં બાંધેલા પશુઓની ચોરીનો પ્રયાસ કરતી ટોળકીને પડકારના ગ્રામજનો પર પથ્થર મારો પણ થયો હોવાનું જણાવી ગ્રામજનો વતી મ્યુ. કાઉન્સિલરે જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ રાત્રી દરમ્યાન પોલીસ પોઈન્ટ મુકવા રજુઆત કરી છે.

ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ગામમાં વાસી ઉત્તરાયમની રાત્રે પીકઅપ ડાલુ લઈને પશુ ચોરતી ટોળકી ત્રાટકી હતી. ગામના ચોકમાં બેસેલી ગાયોને ઉપાડી જવાનો પ્રયાસ કરતાં ગ્રામજનોનું ધ્યાન જતાં તેમને પડકાર્યા હતા. દરમ્યાન પશુચોરોએ પથ્થરમારો કરી જોઈ લેવાની ધમકી આપી હતી. તે ઉપરાંત બીજા દિવસે સે. ૨૦માં મહાકાળી મંદિર પાસે રાત્રે સ્કોર્પીયો ગાડીમાં પશુચોરી કરતી ટોળકી આવી હતી અને સતત ત્રીજા દિવસે પણ આ જ ટોળકી ચોરી માટે આવી હતી. પરંતુ ગ્રામજનોની સજાગતાથી ત્રણેય દિવસે પશુચોરો ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. સતત ત્રણ દિવસથી પેધા પડી ગયેલા પશુચોરોએ ગામમાં હાહાકાર મચાવી દીધો છે. જે સંદર્ભે ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુ. કાઉન્સિલર રંજનબેન ખાંટે મેયર, ડી.એસ.પી. અને સે. ૨૧ પોલીસને આ મામલે જાણ કરી રાત્રી દરમ્યાન પોલીસ પોઈન્ટ મુકવા રજુઆત કરી છે.

# હત્યા કરેલી હાલતમાં મળેલી મહિલાની ઓળખ હજુ સુધી થઈ શકી નથી

## બે દિવસ થવા આવ્યા હોવા છતાં પતિ કે પરીવારના કોઈ સભ્ય દ્વારા જિલ્લા પોલીસને ગુમ થયાની અરજી પણ ન મળતા ઘરેલુ મામલો હોવાની પ્રબળ આશંકા

ગાંધીનગર, તા. ૧૮

સરગાસણ ગામનાં સ્મશાનમાંથી હત્યા કરી દેવાયેલી હાલતમાં આશરે ૩૫ વર્ષની મહિલાના મળી આવેલા મૃતદેહ બાદ પોલીસે શરૂ કરેલી તપાસમાં હજુ સુધી કોઈ જ કડી મળી નથી. મૃતક મહિલા કયા વિસ્તારની છે કે કોણ છે ? તેની ઓળખ પણ હજુ થઈ શકી નથી કે કયા કારણો અને કોણે તેની હત્યા કરી તેનું રહસ્ય પણ હજુ અકબંધ રહ્યું છે. ઉલ્લેખનીય બાબત એ છે કે આ બાબતને બે દિવસ થવા આવ્યા તેમ છતાં જિલ્લાના એક પણ પોલીસ સ્ટેશનમાં કોઈ મહિલાના ગુમ થયા અંગેની પણ જાણવા જોગ અરજી આવી નથી જેથી પોલીસને આ હત્યા ઘરેલુ મામલે થઈ હોવાની પણ શંકા થઈ રહી છે.

બેરહેમીપૂર્વક એક અજાણી મહિલાને સરગાસણ ગામના સ્મશાનમાં લાવીને ક્રૂર હ્રદયથી હત્યા કરીને હત્યારાએ તેણીનુ આખુ મોં કોઈ બોથડ પદાર્થ ફટકા મારીને કે માથાના વાળ પકડીને ઊંધા માટે જમીને પટકાવી પટકાવીને ઓળખી પણ ન શકાય તેવી હાલતમાં નાંખી દીધી હતી. પોલીસે જરૂરી ટેસ્ટ પોસ્ટમોર્ટમમાં કરાવી એફ.એસ.એલ.ને પણ સેમ્પલ મોકલી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે પરંતુ આ ઘટનાને બે દિવસ થઈ જવા આવ્યા છે. છતાંય આશરે ૩૫ વર્ષની જે મહિલાનું મર્ડર થઈ ગયું તે કોણ છે અને ક્યાંથી અહીં પહોંચી તે જાણી શકાયું નથી. કયાં કારણોસર અને કોણ આવુ કઠોર મન રાખીને મહિલાની હત્યા કરી ગયું તે પણ બહાર આવી શક્યુ નથી. નોંધવુ રહેશે કે કોઈ મહિલા ઘરેથી લાપત્તા થાય કે બે દિવસ સુધી ઘરે પરત ન ફરે તો તેનો પતિ કે પરિવારજનો ગુમ થયા અંગેની અરજી આપવા પોલીસનો સંપર્ક અચુક કરે. પરંતુ આ કિસ્સામાં હજુ સુધી બે દિવસ બાદ પણ કોઈ જ ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી જિલ્લાના એક પણ પોલીસસ્ટેશને પહોંચી નથી જેથી પોલીસને આ હત્યા ઘરેલુ પ્રશ્ને થઈ હોવાની પણ આશંકા પ્રબળ બની છે. હવે જોવુ રહ્યું કે આ મર્ડર કેશમાં હત્યાનો ભેદ ઉકેલાઈને હત્યારા સુધી પોલીસ પહોંચી શકે છે કે મૃત મહિલા કોણ છે તે શોધવામાં જ ઘુમરીએ ચઢે છે..!!


## મેટ્રો રેલ પ્રોજેક્ટના ટર્મીનલ સ્થળ માટે ચ-માર્ગ પર સર્વે કામગીરી શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૧૮

૨૦૧૬ સુધીમાં મેટ્રોરેલ પ્રોજેક્ટને સફળતાપૂર્વક લીલી ઝંડી આપી દેવાના લક્ષ્યાંકને પગલે મેટ્રોરેલની ટીમ પાટનગરમાં ઉતારી દેવામાં આવી છે. મેટ્રોરેલ પ્રોજેક્ટ અંતર્ગત સોઈલ ટેસ્ટ સંપન્ન કરી દેવામાં આવ્યો છે. ત્યારે હવે લેવલીંગ કામગીરીને હાથ પર લેવામાં આવી છે. આજે ચ-માર્ગ પર એક ટીમ તેમના પ્લાન મેપ સાથે આવી પહોંચી હતી અને માર્ગ પરના ટ્રાફીક અને વાહનવ્યવહારના ભારણની ચકાસણી ઉપરાંત લેવલીંગ કામગીરી શરૂ કરી હતી. મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત કયા સ્થળ પર ટર્મીનલ મુકવા તેના સ્થળ અંગે પ્રથમ તબક્કાની સર્વે કામગીરી તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

# જમિયતપુરા કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

## મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં નિઃશુલ્ક નેત્ર નિદાન અને રકતદાન કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના જમિયતપુરા ગામે આવેલા શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં તા. ૨૫મી જાન્યુઆરીથી ૨૭મી જાન્યુઆરી દરમિયાન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

કાશી વિશ્વનાથ મહાદેવના નૂતન મંદિરમાં શિવ પરિવાર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસ દરમિયાન યોજાશે. મહોત્સવના પ્રથમ દિવસો તા. ૨૫મી જાન્યુઆરીએ સવારે ૮ કલાકે ગણેશ સ્થાપન, ૮.૩૦ કલાકે જલયાત્રા, ૯.૩૦ કલાકે કુટીર હોમ, ૧૧ કલાકે સ્માર્ટ સ્કૂલ પ્રોજેકટનું ઉદઘાટન, બપોરે ૧૨ કલાકે ભોજન, ૧.૧૫ કલાકે મૂર્તિ મંડપ પ્રવેશ,સાંજે ૪ કલાકે જલાધિવાસ અને રાત્રે ૯ કલાકે ડાયરો યોજાશે. બીજા દિવસો તા. ૨૬મી જાન્યુઆરીના દિવસે સવારે ૯ કલાકે પ્રસાદવાસ્તુની હોમાહુતિ, ૧૧ કલાકે મૂર્તિ આવાસ અને ન્યાય, સાંજે ૩.૩૦થી ૫.૩૦ કલાક નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાશે તથા ત્રીજા દિવસે ૨૭મીને રવિવારે સવારે ૮ કલાકે દેવપૂજન, નગરયાત્રા, ૧૧ થી ૧ કલાક દરમિયાન રકતદાન કેમ્પ યોજાશે. મૂર્તિ પ્રતિષ્ઠા ૧૨ કલાકે તથા સવારે ૧૧ થી ૧ કલાકે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ ને સાંજે ૪ કલાકે પૂર્ણાહુતિ અને ૪.૩૦ કલાકે મહાઆરતી યોજાશે. સ્માર્ટ સ્કૂલ પ્રોજેકટ ઉદઘાટન સમારોહ જમિયતપુરા શ્રેષ્ઠ શાળા ખાતે તથા લોકડાયરો ભાવનાબેન લાબડીયા ગૃપ સાથે અને નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ ડૉ. તેજલ દલાલના સાંનિધ્યમાં યોજાશે. જેનો લાભ લેવા સૌ નગરજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૨

## તાપમાન

મહત્તમ : ૨૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૪૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ઈન્કાર : ૧૨.૦૦, ૨.૩૦, ૧૦.૦૦
મુંબઈ મિરર : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ઈન્કાર : ૧૦.૦૦
મુંબઈ મિરર : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૫.૩૦
દબંગ-૨ : ૭.૩૦

: સ્ક્રીન-૫ :
ઈન્કાર : ૫.૦૦ , ૧૦.૦૦
મુંબઈ મિરર : ૨.૩૦, ૭.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બંદૂક : ૯.૧૫, ૨.૪૫, ૧૦.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૫.૧૫
દબંગ -૨ : ૧૨.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
મુંબઈ મિરર :૯.૪૫, ૧૨.૧૫, ૧૦.૧૫
ટેબલ નં.૨૧ :૩.૪૫, ૮.૧૫

### સૂર્યા, વાવોલ

મુંબઈ મિરર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મુંબઈ મિરર : ૧૦.૩૦, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઈન્કાર : ૪.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ઈન્કાર : ૧.૦૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
મુંબઈ મિરર : ૧૦,૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.